# આષાઢ માસ વ્રતોનો સંગમ છે



**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

અષાઢ સુદ અગિયારસ, દેવશયની એકાદશીથી ચાતુર્માસનો પ્રારંભ થાય છે. પરમ પવિત્ર પુરુષોત્તમ માસ, અધિક જેઠ અને ત્યાર બાદ નિજ જેઠ મહિનો-એમ વ્રતો, નિયમો અને શુદ્ધ દિનચર્યામાં દિવસો ગાળવાનો બે મહિનાનો પવિત્ર કાળ પૂર્ણ થયો છે. હવે અષાઢ માસનો પ્રારંભ થતાં ચાતુર્માસનાં વ્રતો અને અનુષ્ઠાનોની શરૂઆત થાય છે. આપણા ગુજરાતમાં અલૂણાં-જયાપાર્વતી વ્રતનો પ્રારંભ થતાં નાની-નાની બાલિકાઓ અલૂણાં વ્રત કરવામાં અગ્રેસર બને છે. શિવ-પાર્વતીનાં દર્શન, વિષ્ણુ-લક્ષ્મીનું પૂજન, વ્રતની સ્થાપના અને રક્ષણ તથા આડોશી-પાડોશી પાંચ ગૃહસ્થ ઘરોનું પૂજન કરીને એકબીજાને મળવાનો આનંદ માણે છે. બાળાઓ નવાં વસ્ત્રો પરિધાન કરીને કિસમિસ અને સૂકામેવાનો પ્રસાદ ગ્રહણ કરે છે. સુયોગ્ય, સનાતની, રાષ્ટ્રપ્રેમી, આસ્તિક તથા ભારતીય સંસ્કાર-સંસ્કૃતિપ્રેમી જીવનસાથી પ્રાપ્ત થાય તે માટે યુવતીઓ પ્રાર્થના કરે છે. ભારતીય ઉપાસના પરંપરામાં આદર્શ જીવનના સંસ્કારોનું સિંચન કરવાનો મહિમા રહેલો છે. શિવ-પાર્વતી, વિષ્ણુ-લક્ષ્મી, સીતા-રામ, કૃષ્ણ-રુક્મિણી તથા બ્રહ્મા-સરસ્વતી જેવા આદર્શ દંપતીઓની પ્રેરણાથી નિર્મળ, પવિત્ર અને સુખમય વૈવાહિક જીવનની કામના સાથે યુવતીઓ જયાપાર્વતી વ્રતના ઉપવાસ રાખે છે, જ્યારે બાલિકાઓ અલૂણાં વ્રત કરે છે. આ વ્રત અષાઢ સુદ તેરસથી શરૂ થઈ અષાઢ વદ ત્રીજના દિવસે પૂર્ણ થાય છે. પાંચ દિવસના આ પવિત્ર વ્રતમાં નાની વાંસની ટોપલીમાં ઘઉંના જવારા ઉગાડવામાં આવે છે અને પાંચમા દિવસે નદીમાં તેનું વિસર્જન કરવામાં આવે છે. પાંચમી રાત્રે જાગરણ કરવામાં આવે છે. અંતિમ દિવસે અલૂણાં-જયાપાર્વતી વ્રતનાં પારણાં કરવામાં આવે છે. ગુજરાતમાં આ વ્રતનું વિશેષ મહત્ત્વ છે અને વ્રત દરમિયાન સર્વત્ર આનંદ તથા પ્રસન્નતાનું વાતાવરણ છવાયેલું રહે છે. અષાઢ મહિનાથી વ્રતો, ઉપાસના, ઉપોષણો તથા પવિત્ર નિયમોના પાલનને વેગ મળે છે. ચાતુર્માસના ચાર મહિનામાં ભક્તો સવાર-સાંજ મંદિરોમાં દર્શન કરવા જાય છે અને આરતી તથા પ્રસાદથી આત્મિક તૃપ્તિ અનુભવે છે. મહાદેવ, વિષ્ણુ, દત્તાત્રેય વગેરે દેવતાઓના હાથમાં શંખ હોય છે અને શંખનાદનો ધ્વનિ શુભ તથા મંગલમય માનવામાં આવે છે.

સર્વ પ્રકારનાં વાદ્યોમાં શંખનાદને શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત છે. પ્રાતઃકાળે મંદિરોમાંથી સંભળાતો શંખનાદ અત્યંત આહ્લાદક હોય છે. શંખના અનેક પ્રકાર, વિવિધ આકારો અને અનેક રંગો જોવા મળે છે. શંખ મૂળે જળચર પ્રાણીનું સુરક્ષિત નિવાસસ્થાન છે. જળચર પ્રાણી જન્મ પછી શંખનો ત્યાગ કરીને પાણીમાં વિહાર કરે છે અને ત્યાર બાદ એ જ શંખ દેવોનું મંગલઘોષ-વાદ્ય બની જાય છે. જેના મુખમાં ફૂંક મારવાથી ધ્વનિ ઉત્પન્ન થાય તેવો શંખ પવિત્ર અને પૂજનીય માનવામાં આવે છે. શંખ મુખ્યત્વે જમણાવર્તી અને ડાબાવર્તી એમ બે પ્રકારના હોય છે.

જગતના પાલનહાર શ્રીવિષ્ણુ ભગવાનનું મોહક સ્વરૂપ માનસપટ પર ઉપસે ત્યારે શંખ, ચક્ર, ગદા અને પદ્મથી વિભૂષિત, મકરકુંડળધારી તથા વૈજયંતીમાળા ધારણ કરેલા શ્રીવિષ્ણુ ભગવાનની તેજોમય અને પ્રસન્ન મૂર્તિના દર્શનથી ભક્તો અનન્ય સુખનો અનુભવ કરે છે. દશાવતારી શ્રીવિષ્ણુ ભગવાન ભક્તોનું રક્ષણ કરે છે. શ્રીવિષ્ણુના દિવ્ય દર્શન માટે બ્રહ્માંડના દેવ-દેવીઓ પણ આતુર રહે છે. મુમુક્ષુઓની સાધનામાં શ્રીવિષ્ણુના દર્શનની અભિલાષા રહેલી હોય છે. વિરાટ સ્વરૂપના દર્શન પછી વીર અર્જુન ભગવાનને પ્રાર્થના કરે છે : ''હે દયાવાન પ્રભુ! આપ મને શંખ, ચક્ર, ગદા અને પદ્મધારી ચતુર્ભુજ સ્વરૂપનાં દર્શન કરાવો.'' શ્રીવિષ્ણુના ઉપરના બે હાથમાં શંખ અને ચક્ર તથા નીચેના બે હાથમાં ગદા અને પદ્મ છે. ભગવાન રામ અને ભગવાન કૃષ્ણ શ્રીવિષ્ણુના અવતારરૂપ છે. શંખ ઉદ્ઘોષક આયુધ છે. તે માંગલ્ય અને પવિત્રતાનો સંદેશ પ્રસરાવે છે, કાર્યપ્રત્યે પ્રેરણા આપે છે, આહ્વાન કરે છે, સાંભળનારને જાગૃત કરે છે તથા શૂરવીરતા અને પરાક્રમને પ્રગટાવે છે.

> **આ પવિત્ર વ્રતમાં નાની વાંસની ટોપલીમાં ઘઉંના જવારા ઉગાડવામાં આવે છે અને પાંચમા દિવસે નદીમાં તેનું વિસર્જન કરવામાં આવે છે**

મહાભારતના ધર્મયુદ્ધમાં સૌ પ્રથમ શ્રીકૃષ્ણે પોતાના 'પાંચજન્ય' નામના દિવ્ય શંખનો નાદ કર્યો હતો, જેના પરિણામે સમગ્ર સૈન્ય, રથીઓ, મહારથીઓ તથા સેનાપતિઓ યુદ્ધ માટે સજ્જ થઈ ગયાં હતાં. ત્યાર બાદ અર્જુને 'દેવદત્ત', ભીમસેને 'પૌંડ્ર', રાજા યુધિષ્ઠિરે 'અનંતવિજય', નકુલે 'સુઘોષ' અને સહદેવે 'મણિપુષ્પક' નામના શંખોનો નાદ કર્યો હતો.

આ મહાવીરોના શંખનાદથી તેમની શક્તિ, શૌર્ય અને પરાક્રમનું પ્રતીકાત્મક દર્શન થયું હતું. શંખ, ચક્ર, ગદા અને પદ્મ-આ ચારેય આયુધો ચાર વર્ણ, ચાર આશ્રમ તથા ચાર પુરુષાર્થના પ્રતીકરૂપ માનવામાં આવે છે. શંખનાદનું શ્રવણ પુણ્યપ્રદ છે અને શંખનું પૂજન સ્તુત્ય તથા કલ્યાણકારી માનવામાં આવે છે.

# ગુરુ મેરી પૂજા, ગુરુ ગોવિંદ



**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

તા. ૨૯ જુલાઈએ 'ગુરુપૂર્ણિમા'નું પવિત્ર પર્વ છે. ગુરુદેવ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો દિવસ એટલે ગુરુપૂર્ણિમા. સંસારથી ત્રસ્ત જીવોને શીતળતા આપતું પવિત્ર સ્થાન એટલે જ ગુરુદ્વાર. એક તો પ્રકૃતિ વરસાદ વરસાવતી હોય, ભીનો ભીનો માહોલ હોય ત્યારે ગુરુદેવની કૃપાછાયામાં ભીંજાવતું પર્વ એટલે જ તો ગુરુપૂર્ણિમા. ગુરુદેવ કરુણા વર્ષામાં ભીંજવવા આતુર હોય અને શિષ્ય ભાવવિભોર બની પ્રેમાશ્રુ વહાવી ગુરુદેવની કરુણા વર્ષામાં ભીંજાવા દોટ મૂકે. પૂ. બક્સરવાળા મામાજીના શબ્દોને યાદ કરીશ કે - 'ભક્ત, ભક્તિ, ભગવંત, ગુરુ ચતુર્નામ વપુ એક, તિનકે પદ વંદન કિયે, નાસે વિઘ્ન અનેક.' આપણા શાસ્ત્રોમાં ગુરુનું સ્થાન ઈશ્વર કરતાં ય અદકેરું છે. જુઓ, શંકરજીને પણ આપણે ત્રિભુવન ગુરુ કહીયે છીએ. 'તુમ ત્રિભુવન ગુરુ બેદ બખાના। આન જીવ પામર કાં જાના।।' તો શ્રીકૃષ્ણને આપણે 'જગદ્ગુરુ' કહીયે છીએ.

'કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્' પૂ.ગુરુદેવ કહે છે કે-'ગુરુને શોધવા જવાની જરૂર નથી, જરૂર છે આપણે સાચા શિષ્ય બનવાની. અધિકારી શિષ્ય બનવાની. સમર્પણની તૈયારી હોય તો અધિકારી સદ્ગુરુ આપણા જીવનમાં આવે જ છે. જ્યારે તમે મુમુક્ષુ કે જિજ્ઞાસુ બનો ત્યારે ભગવાન સ્વયં તમારા સદ્ગુરુ બનીને જીવનમાં પ્રવેશે છે. તેથી 'ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ।' આપણા માટે સદ્ગુરુ જ ભગવાન છે. તેથી જ કહીએ છીએ ને - 'ગુરુ મેરી પૂજા, ગુરુ ગોવિંદ, ગુરુ મેરો પરબ્રહ્મ, ગુરુ ભગવંતા' રાજા પરીક્ષિતને શ્રી શુકદેવજી મળ્યા અને પરીક્ષિત ભવસાગર તર્યા ભવ સાગરથી. મીરાં પણ કહે છે - ગુરુકૃપાથી 'ભવ સાગર સબ સુખ ગયો હૈ ફિકર નહીં મોહે તરનનકી.' જીવન ગાઢ અંધકારમય છે. કોઈ એક જે જાણે છે, જુએ છે જેને ખબર છે ક્યા રસ્તે જવાનું છે? એના હાથમાં પૂરા વિશ્વાસથી તમારો હાથ મૂકી દો. એ લઈ જશે. સદ્ગુરુ સ્વયં પ્રકાશરૂપ છે એને માટે અંધકાર છે જ નહીં એ તો આપણને પણ જુએ છે અને આપણા રસ્તાની પણ એને ખબર છે. આપણી આંખો અંધારામાં કામ નથી કરતી પણ મન તો કામ કરે છે. એટલે શબ્દ સાંભળો. ગુરુને જોવાની એટલી પરવા ન કરો કાન દો, ધ્યાન દો. એ જે કંઈ કહે છે સાંભળો. ફક્ત એને જ ન માનો એનું માનો. પકડી લો એમનો હાથ અજ્ઞાનના અંધારામાં આપણે ગુરુ ચરણોના અભિલાષી બની ફાંફા મારીએ છીએ તો ગુરુ એવી કૃપા કરે છે કે આપણો હાથ એ ઝાલી લે છે. આપણે અજ્ઞાનના અંધકારથી જોઈ નથી શકતા એને તો દેખાય છે ને? એને કહીએ- 'નયનહીન કો રાહ દિખાવો ગુરુ પગ પગ ઠોકર ખાઉં મૈં.' એ કૃપા કરશે. ગુરુભક્તિની મિશાલ 'સહજોબાઈ' કહે છે- 'રામ તજૂં પર ગુરુ ના બિસારૂં, ગુરુ કે સમ હરિ કો ના નિહારૂં' કેમ? કહે- 'હરિ ને જન્મ દિયો જગ માહીં, ગુરુ ને આવાગમન છુડાહીં, હરિ ને કુટુંબ જાલ મેં ઘેરી, ગુરુ ને કાટી મમતા મેરી.' કહે છે- સહજો ને દર્શન આપવા સ્વયં રમણબિહારી આવ્યા સાથે ગુરુ ચરનદાસ પણ હતા. સહજોએ ગુરુ પૂજા માટે સજાવેલી થાળી ભગવાનને પકડાવી અને કહ્યું કે-'ઠાકુર હું ગુરુદેવને ભોજન કરાવીશ અને ઠાકુરજી આપ મારા ગુરુજીના ચરણની સેવા કરજો.' વળી મેં ગુરુજી માટે આસન બિછાવ્યું છે આપ નીચે બિરાજશો. ભગવાન સહજોની ગુરુભક્તિથી પ્રસન્ન થયા કહ્યું- કંઈ માંગ. સહજો કહે - મારી કોઈ કામના નથી વળી આપ સ્વયં તો દાન છો. દાતા મારા ગુરુજી છે. બોલો - દાન મોટું કે દાતા? ભગવાન તમે શરીર, બુદ્ધિ, આત્મા બધું આપ્યું બરાબર પણ એનો સદુપયોગ તો મારા ગુરુએ બતાવ્યો ને? તમે તો સુખ-દુઃખ આપો પણ સદ્ગુરુની ભક્તિ તો ભવબંધનથી મુક્ત કરે. સહજોબાઈ ગુરુભક્તિ અને સમર્પણનું ઉદાહરણ છે કબીરજી પણ એ જ કહે છે ને કે-'ગુરુ ગોવિંદ દોનોં ખડે કાકો લાગુ પાયા બલિહારી ગુરુ આપની ગોવિંદ દિયો બતાય.' ગુરુ અને ગોવિંદમાં ગુરુ શ્રેષ્ઠ છે. ભાગ્યથી જીવન મળ્યું પણ સદ્ભાગ્યથી ગુરુજી મળ્યા. ગુરુ એ સૂર્ય છે જેના કિરણો આપણા ભ્રમને ભાંગે છે. ભાગ્ય એ ચર્મચક્ષુ આપ્યા પણ ગુરુદેવે દિવ્યદૃષ્ટિ આપી! ભગવાને અર્જુનને દિવ્યદૃષ્ટિનું દાન કર્યું ત્યારે એ ભગવાનના સ્વરૂપને ઓળખી શક્યોને? જન્મ તો પશુ પણ લે છે પણ ગુરુદેવની કૃપા પશુતાને દૂર કરી જીવનને સાર્થક કરતાં શીખવે છે!

કુલસા. સમ આપણા મૂલ્યહીન જીવનને હીરા સમ મૂલ્યવાન ગુરુકૃપા બનાવે છે. મોહનું અંધારું મટાડે છે. અર્જુનની નિષ્ઠા ને કારણે એને સિદ્ધિ મળી. ગુરુ રામાનંદને કારણે વિશ્વને કબીર મળ્યા. કોઈકે કહ્યું ગુરુ પારસ છે તો અન્ય કહે- ના. પારસ તો લોઢાને સોનું બનાવે પણ ગુરુ તો 'વો કરે આપ સમાન.' તેથી જ કહેવાય છે - 'તીન લોક નૌ ખંડમેં ગુરુસે બડા ન કોઈ.' ભગવાન રૂઠે તો ગુરુ જમાવે પણ ગુરુ રૂઠે એને બચાવી ન શકે. ધન- સંપત્તિ તો પુરુષાર્થ અને બુદ્ધિએ મળી શકે પણ પ્રભુ પ્રાપ્તિ તો ગુરુના શરણે જવાથી જ મળશે. સંત તુલસીદાસજી કહે છે- 'ગુરુ બિનુ ભવનિધિ તરહીં ન કોઇ, જો બિરંચિ શંકર સમ હોય.' બ્રહ્મા અને શંકર સમાન જ્ઞાની કેમ ન હોઈએ ગુરુ ચરણના આશ્રય વિના કલ્યાણ નથી સંસાર ગુરુ જ ચાલે છે. જુઓ, જન્મીએ ત્યારથી જ મા ગુરુના રૂપમાં મળી. જે ઊઠતાં, બેસતાં, ચાલતાં, ખાતાં શીખવાડે એના વગર તો જીવનની શરૂઆત જ નથી થતી ખરું ને? પગ-પગ અરે, જન્મ મૃત્યુ સુધી ગુરુની આવશ્યકતા છે.

> **એક તો પ્રકૃતિ વરસાદ વરસાવતી હોય, ભીનો ભીનો માહોલ હોય ત્યારે ગુરુદેવની કૃપાછાયામાં ભીંજાવતું પર્વ એટલે જ તો ગુરુપૂર્ણિમા**

આપણા હિતૈષી ગુરુ જ છે. પૂ. મોરારીબાપુ કહે છે - 'ગુરુની પાસે જઈને કોઈ પ્રાર્થના કરવાની જરૂર નથી જો એ મારા ગુરુ છે તો એ જ કરશે. એ મારી મા છે. એ જ માની જેમ સ્નાન કરાવશે, નવા સાજશૃંગાર કરશે. સમય પર દૂધ પીવડાવશે કેમ કે- ગુરુથી શ્રેષ્ઠમાં કોઈ નથી. એ તો માની પણ મા છે. મા સર્વોચ્ચ છે.' ગુરુ જ તો જીવને શિવ બનાવે છે ને? અંતે પ્રાર્થના કરીશ કે- હે મારા ગુરુદેવ - 'મૈં કબસે તેરી શરણમેં હૂં મેરી ઓર તૂ ભી તો ધ્યાન દે, મેરે મનમેં જો અંધકાર હૈ મેરે ગુરુદેવ મુઝે જ્ઞાન દે. તેરી આરતી કા દીયા બનું યહી હૈ મેરી મનોકામના. મેરે પ્રાણ તેરા હી નામ લે કરે મન તેરી હી આરાધના. ગુણગાન તેરા હી મૈં કરું મુઝે યે લગન ભગવાન હૈ. મૈં તો કબસે તેરી શરણમેં હૂં' બોલો - સદ્ગુરુ ભગવાનની જય.

[ગુરુવર્ય પૂ. રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી) ના સત્સંગને આધારે]